ગાંધીનગર સમાચાર

# ડીસામાં ડેન્ગ્યુના વધુ સાત પોઝીટીવ કેસ મળતા ચકચાર

ડીસા, તા. ૮

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ડેન્ગ્યુ નામની બિમારી દિન-પ્રતિદિન વકરી રહી છે. ડીસામાંથી અગાઉ ડેન્ગ્યુના આઠ પોઝીટીવ કેસ મળી આવ્યા બાદ ફરીથી રવિવારે વધુ સાત પોઝીટીવ કેસ મળી આવતા હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે આરોગ્યતંત્ર હજુ પણ ઘોર નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. જો કે હાલમાં તેઓ ડેન્ગ્યુ નામની બિમારીના કારણે લોકોમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગેની વિગત એવી છે કે ડીસામાં એક પખવાડીયા અગાઉ ડેન્ગ્યુના આઠ પોઝીટીવ કેસ મળી આવ્યા બાદ ફરીથી રવિવારે વધુ સાત કેસ મળી આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ચોખા પાણીમાં થતાં એડીશ નામના મચ્છરથી ફેલાતી બિમારી દિન-પ્રતિદિન લોકોને બાનમાં લઈ રહી છે. ત્યારે આરોગ્ય તંત્ર પણ ડેન્ગ્યુ નામની બિમારીને નાથવામાં સદંતર નિષ્ફળ નિવડી રહી છે. અને રવિવારે ડીસાની આદર્શ ચિલ્ડ્રન હોસ્પિટલમાં ડેન્ગ્યુના બે પોઝીટીવ કેસ અને ડૉ. આલોક સિંગલની હોસ્પિટમલાં પણ પાંચ પોઝીટીવ કેસ સહિત કુલ સાત પોઝીટીવ કેસ મળી આવતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. જેમાં ડીસા શહેરમાંથી ડેન્ગ્યુના છે અને રાજસ્થાનના વતની ડીસાના ડૉ. આલોક સિંગલની હોસ્પિટમલાં સારવાર લઈ રહ્યા છે.

આ અંગે બાળ રોગ નિષ્ણાંત ડૉ. હિરેનભાઈ પટેલે જણાવ્યું હતું કે ડેન્ગ્યુની બિમારી બાળકોમાં વધુ જોવા મળે છે. જો કે સમયસર સારવાર લેવાના કારણે આ દર્દીઓ બિમારીમાંથી બહાર આવી રહ્યા છે.

આ બિમારીમાંથી બચવા માટે લોકોએ પાણીનો ભરાવો થતો હોય ત્યાં મચ્છરનાશ દવાઓનો છંટકાવ કરવો જોઈએ અને રાત્રીના સમયે સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવાથી ડેન્ગ્યુની બિમારીથી બચી શકાય છે.





**સાત પોઝીટીવ કેસ મળી આવતાં આરોગ્ય તંત્ર ઊંઘતું ઝડપાયું**

ડીસામાંથી ડેન્ગ્યુના વધુ સાત પોઝીટીવ કેસ મળી આવતાં આરોગ્યતંત્ર ઊંઘતું ઝડપાયું છે. બિમારીને નાથવા માટે આરોગ્યતંત્ર સદંતર નિષ્ફળ નિવડી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. વારંવાર ડેન્ગ્યુના એકથી વધુ એક સાથે કેસો મળી આવતાં હોવા છતાં પણ આરોગ્યતંત્રની ઊંઘ ઉડતી નથી. જેના કારણે લોકોનો પણ આરોગ્ય તંત્ર સામે રોષ ભભુકી રહ્યો છે.

## હંગામી કર્મચારીઓના પગાર વધારાની જાહેરાતોનો ફિયાસ્કો

અમદાવાદ, તા.૮

ગુજરાત યુનિવર્સિટીમાં હંગામી ધોરણે કામ કરતા આશરે ૨૦૦ જેટલા કર્મચારીઓનો પગાર આપવાની જાહેરાત કરી હતી. જો કે તેમ છતાં પણ નક્કી કરાયેલ પગારના ચુકવાતા કર્મચારીઓની દિવાળી બગડી છે. મહત્વનું છે કે હંગામી ધોરણે કામ કરતા કર્મચારીઓનો પગાર ઓક્ટોબર મહિનાની ફાઈનાન્સિયલ કમિટિમાં ૪૫૦૦થી વધારીને ૭૧૦૦ મંજુર કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં કાયમી કર્મચારી હોય કે હંગામી કર્મચારી હંમેશા ચર્ચાનો વિષય રહ્યાં છે. પહેલા કાયમી કર્મચારીઓને સરકારી કર્મચારીઓને મળતા લાભ આપવાના મામલે ત્યારે હવે હંગામી કર્મચારીઓને નક્કી કરાયેલ પગાર ન ચુકવાતા ગુજરાત યુનિવર્સિટી સામે બંડ પોકાર્યો છે. હંગામી ધોરણે કામ કરતાં કર્મચારીઓવનો પગાર ૪૫૦૦ થી વધારીને ૭૧૦૦ કરવાના ઠરાવને મંજુર કર્યા પછી પણ હંગામી કર્મચારીઓની મુશ્કેલી ઓછી નથી થઈ. આ હંગામી ધોરણે કામ કરનારા કર્મચારીઓને આ મહિનાથી વધારો આપવાનો વાયદો કરાયો હતો. તેમ છતાં આ કર્મચારીઓને વધારો અપાયો નથી. ઉપરાંત ૪૫૦૦ રૂપિયામાં કામ કરતાં કર્મચારીઓને દિવાળીની ૭ દિવસની રજાઓનો પગાર પણ કાપી લેવાની સુચના ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ આપી હોવાથી હંગામી કર્મચારીઓની દિવાળી બગડી છે. આખરે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ દ્વારા મનમાની કરીને હંગામી ધોરણે કામ કરતા કર્મચારીઓના પગારમાં વધારો ન કરીને તેમને છુટા કરાયા છે. તો તેમની દિવાળી પછી જરૂર જણાશે તો આ કર્મચારીઓને નોકરી પણ પરત બોલાવાની વાત ગુજરાત યુનિવર્સિટી કુલપતિએ કરી છે. જેને કારણે ગુજરાત યુનિવર્સિટીમાં હંગામી ધોરણે કામ કરતા કર્મચારીઓ પણ કુલપતિની મનમાનીનો શિકાર બન્યા છે.

## પાલનપુરના બજારોમાં દિવાળી ખરીદી માટે માનવ મહેરામણ ઉમટ્યો

પાલનપુર, તા. ૮

રાજ્યભરમાં દિવાળીનો માહોલ જામ્યો છે. બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળે છે. ત્યારે પાલનપુરના બજારોમાં દિવાળીની છેલ્લી ખરીદી માટે બજારોમાં માનવ મહેરામણ ઉમટ્યો છે.

પાલનપુર શહેરના સીટીલાઈટ, દિલ્હીગેટ, ગુરૂનાનક ચોક, કિર્તી સ્તંભ, બારડપુરા, ઢાળવાસ, કોઝી હાઈવેના શૉ રૂમો સંજય ચોક, સ્વામી વિવેકાનંદ માર્ગ, સ્ટેશન રોડ, સહિતના બજારોમાં શહેરીજનો વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે ઉમટી પડ્યા છે.

શહેરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થતાં દિવાળીની ખરીદી નગરજનોએ શરૂ કરી છે.જ્યારે ગૃહિણીઓએ સાફ-સફાઈ બાદ ખાણી-પીણીના નાસ્તા બનાવવાની કામગીરી હાથ ધરી છે.

શહેરની નાની-મોટી દુકાનો અને કેબીનોમાં ચીજવસ્તુ લેવા માટે નગરજનો પડાપડી કરી રહ્યા છે. જ્યારે લારીઓવાળા રોડ વચ્ચે આડેધડ ઉભી કરી મનમાની કરતા માર્ગ વચ્ચે ચક્કાજામના દ્રશ્યો સર્જાય છે.




સ્થાનિક ચૂંટણી નજીક આવી છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા જ પાટીદારો નાખુશ દેખાઈ રહ્યા છે અને ઘણી જગ્યાએ મત માંગવા આવવું નહીં તેવા બોર્ડ પણ લગાવાયા છે. પાટીદારો ભાજપથી ભારે નાખુશ છે.

## જામનગરમાં જૂથ અથડામણ : ચારના મોત

અમદાવાદ,તા. ૮

જામનગરના હાથલામાં નજીવી બાબતે જૂથ અથડામણની શરૂઆત થયા બાદ મામલો ખુબ જ ગંભીર બન્યો હતો અને ચાર લોકોની હત્યા થઈ ગઈ હતી. આ બનાવ બાદ આસપાસના વિસ્તારોમાં પણ તંગદિલી ફેલાઈ હતી.

આ બનાવના પગલે હાથલા અને આજુબાજુના વિસ્તારમાં તંગદિલીભરી પરિસ્થિતિ ઊભી થતાં દ્વારકા અને જામનગર જિલ્લાનો પોલીસ કાફલો ઉતારી દેવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે મૃતકોમા મેર પરિવારના પિતા-પુત્ર અને તેમના ખ સંબંધીનો સમાવેશ થાય છે. ઘટનાની પ્રાપ્ત થતી માહિતી અનુસાર, ભાણવડ તાલુકાના હાથવા ગામે શનિવારે રાત્રે ગામના મજબુતસિંહ રણુભા જેઠવાની દુકાને નાબકા ગામના ચારથી પાંચ જેટલા મેર શખ્સો પાન ખાવા માટે ગયા હતા. ત્યારે ૩૦ વર્ષ પહેલાં નાથા પુંજાના ભાઈની થયેલી હત્યાના મામલે બોલાચાલી બાદ હાથા પાઈ થયા પછી રાજુનાથા રાણાવાયાએ અન્ય મેર શખ્સો સાથે મળીને મજબુતસિંહની હત્યા કરી નાખી હતી. હાથલા ગામની સીમમાં આવેલી મજબુતસિંહની દુકાને બનેલી આ ઘટના અંગે ગામના દરબારોને જાણ થતાં દરબાર જુથ તલવાર, છરી, લોખંડના પાઈપ સહિતના ઘાતક હથિયારો સાથે દોડી ગયું હતું અને મજબુતસિંહની હત્યા કરનારા રાજુનાથા રાણાવાયા તેમના પિતા નાથા પુંજા સહિતના શખ્સો ઉપર તૂટી પડ્યું હતું. જેમાં પિતા-પુત્ર ઉપરાંત હરનામ સાંગાભાઈ ઓડેદરાની લોથ ઢળી ગઈ હતી. આ ઘટનામાં અન્ય એક વ્યક્તિ ગંભીર ઈજા થતાં પોરબંદરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ ઘટનાના પગલે ગામ અને આજુબાજુના વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો.

### મહાવિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપને બાવન બેઠકો મળી છે પરંતુ અન્યોના સુપડા સાફ થયા છ જેના લીધે એનડીએને હારનો સામનો કરવો પડ્યો છે. કોંગ્રેસની લાંબા ગાળા બાદ વાપસી થઈ છે. લોકસભાની ચૂંટણી બાદ પ્રથમ વખત કોંગ્રેસે સંતોષજનક દેખાવ કર્યો છે. બિહારમાં પાંચ તબક્કામાં મતદાન શાંતિપૂર્ણરીતે પૂર્ણ થયા બાદ આજે સવારે અગાઉ મતગણતરી શરૂ થઈ હતી. બિહારમાં વિધાનસભાની ચુંટણીના તમામ તબક્કા પુર્ણ થઈ ગયા પાંચમી નવેમ્બરની સાંજે એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા હતા. મોટાભાગના એક્ઝિટ પોલમાં પહેલાથી જ મુખ્યમંત્રી નિતિશકુમારના નેતૃત્વમાં મહાગઠબંધનને જીત આપવામાં આવી રહી હતી. જો કે, મહાગઠબંધનને કેટલી બેઠક મળશે તેને લઈને સસ્પેન્સની સ્થિતિ બનેલી હતી. આજે આ સસ્પેન્સનો અંત આવ્યો હતો અને નીતીશકુમારના નેતૃત્વમાં મહાગઠબંધને બે તૃતિયાંશ બહુમતિ મેળવી લીધી હતી. એક્ઝિટ પોલના તારણો પણ ખોટા સાબિત થયા હતા. મોટાભાગના એક્ઝિટ પોલમાં એનડીએ અને મહાગઠબંધન વચ્ચે તીવ્ર સ્પર્ધા રહેશે તેમ માનવામાં આવી રહ્યું હતું પરંતુ વાસ્તવિક પરિણામ બિલકુલ અલગ સાબિત થયા હતા. ૨૦૧૦ ચુંટણીમાં ભાજપ ગઠબંધનને ૨૦૬ બેઠકો મળી હતી. જ્યારે આરજેડી ગઠબંધનને ૨૫ બેઠકો મળી હતી. એ વખતે નિતિશકુમાર ભાજપ ગઠબંધનમાં હતા. આ વખતે આરજેડીની સાથે હતા.

### પડકાર ફેકીશું

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભાની ચૂંટણીમાં જીત બિહારના સ્વાભિમાનની જીત છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બિહાર ચૂંટણીના પરિણામોથી સમગ્ર દેશમાં એક નવો સંદેશો ગયો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, લોકોની ભાવનાઓની જીત થઈ છે. બીજી બાજુ લાલૂ યાદવે પણ કહ્યું હતું કે, મહાગઠબંધનની જીત મોદીની મોટી પીછેહઠ સમાન છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવવા માટે ધ્રુવીકરણના પ્રયાસો કરાયા હોવાના દાવો નીતીશકુમારે કર્યો હતો પરંતુ આ તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. વિભાજનની નીતિ ફ્લોપ રહી છે. લાલૂ યાદવે ચેતવણી આપતા કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીના શાસનને ઉથલાવી દેવામાં આવશે. આજના પરિણામો દર્શાવે છે કે, બિહારના લોકો મોદી અને તેમની પાર્ટીને બિલકુલ ફગાવી ચુક્યા છે. પોતાના ભાઈ તરીકે નીતીશ કુમારને ગણાવતા આરજેડી વડાએ કહ્યું હતું કે, બિહારના મુખ્યમંત્રી તરીકે નીતીશકુમાર ચાલુ રહેશે. નીતીશકુમારની લીડરશીપ વિકાસના માર્ગ ઉપર આગળ વધશે. તેમણે ઉમેર્યું હતું કે, નીતીશકુમાર વિકાસની નવી ઉંચાઈ ઉપર બિહારને લઈ જશે. મહાગઠબંધનની તરફેણમાં મતદાન કરવા બદલ આરજેડી વડાએ લોકોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, ગરીબ, વંચિત અને પછાત લોકોની આ જીત થઈ છે. ભાજપને આ લોકો ફગાવી ચુક્યા છે. લાલૂએ એમ પણ કહ્યું હતું કે, બિહારમાં પછાત લોકો પ્રત્યે તેઓ સમર્પિત છે. આ જીતથી દેશની રાજનીતિમાં નવો વળાંક આવશે. તેમણે કહ્યું હતું કે, વચન મુજબ કેન્દ્રમાં મોદી સરકારને અમે ઉથલાવી દઈશું. ભાજપની પડતીની શરૂઆત થઈ ચુકી છે. વ્હાઈટવોશ આનાથી સાબિતી આપે છે. બીજી બાજુ નીતીશકુમારે પણ તેમની પ્રતિક્રિયા આપી હતી. નીતીશકુમારે કહ્યું હતું કે, ધ્રુવીકરણના તમામ પ્રયાસો કરાયા હતા પરંતુ પ્રયાસોને સફળતા હાથ લાગી નથી. નીતીશકુમારે બિહારના લોકોને વચન આપ્યું હતું કે, લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે તેઓ બનતા તમામ પ્રયાસો કરશે. બિહારના લોકોને તેઓએ અભિનંદન આપ્યા હતા. સમાજના તમામ વર્ગનો ટેકો અમને મળ્યો છે. અમે લોકોની અપેક્ષાઓને સમજી રહ્યા છીએ. કુમારે કહ્યું હતું કે, રાષ્ટ્રીય સ્તર પર પણ તેની અસર જોવા મળશે. જો કે, તેમણે કહ્યું હતું કે, વિપક્ષનું પણ સમ્માન કરવામાં આવશે. સાથે મળીને અમે આગળ વધીશું.

### બહુકોણીય જંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી તરફ ભાજપ પણ તાલુકા પંચાયતની ૨૫થી વધુ બેઠકો અને નગરપાલિકા માટે પણ ટેલિફોનિક સંદેશાઓ આપી ઉમેદવારી કરવાના આદેશો આપશે તેમ મનાઈ રહ્યું છે.

આજે ભાજપના ઘણા બધાં પંચાયતના ઉમેદવારો ઉમેદવારી નોંધાવશે તેમ પણ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

### ચૂંટણી લડવા અવઢવમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસમાં આ બેઠક પર કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી રામાજી ઠાકોરનું નામ ચાલી રહ્યું છે પણ તેમની સામે તેમના જ વિસ્તારના પ્રતિસ્પર્ધીઓએ બદલાવ માટે મોવડીમંડળ પર ભારે દબાણ સર્જ્યુ હોવાથી હવે શું થાય છે તેના પર બધુ નિર્ભર બન્યું છે.

બીજી તરફ ભાજપે આજે ૨૯ બેઠકો માટેના નામ જાહેર કર્યા છે. પણ કલોલ તાલુકા પંચાયતની ૮ થી ૧૦ બેઠકો પર હજુ પણ ઉમેદવારોની પસંદગીની કામગીરી પૂર્ણ કરી શકેલ નથી.

કલોલ અને દહેગામ નગરપાલિકામાં પણ ભાજપમાં ભારે ખેંચતાણ જોવા મળી રહી છે.

કલોલ ભાજપના અંતરંગ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે નૈલેષ શાહે આજે બિહારના પરિણામો જોયા પછી તેમનો વિચાર બદલ્યો છે અને હવે ચૂંટણી લડવાનું તેઓ માંડી વાળે તેવી સંભાવનાઓ છે.

## શૈક્ષણિક સ્ટાફના સંદર્ભે વિગત આપવામાં શાળાઓ ઉદાસીન

અમદાવાદ, તા.૮

મહાનગર પાલિકાનાની ચૂંટણીને આડે હવે ગણતરીનાં દિવસો બાકી રહ્યા છે. ત્યારે ચૂંટણી કામગીરીમાં પાલિકાનાં કર્મચારી ઉપરાંત શહેર અને જિલ્લાની શાળાઓ તથા બીજા સરકારી કર્મચારીઓને શામેલ કરવા માટે ફરમાન થઈ ચુક્યા છે. ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શહેરની તમામ શાળાઓને શૈક્ષણિક તથા બીન શૈક્ષણિક સ્ટાફની વિગતો મંગાવતો પરિપત્ર જાહેર કર્યો છે. જો કે હજી સુધી શાળા સંચાલકો દ્વારા વિગતો આપવામાં વિલમ કરવામાં આવી રહ્યો છે. જેથી ચૂંટણીની તૈયારીઓમાં અડચણ આવી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ યુનિવર્સિટીની માફક ખાનગી, ગ્રાન્ટ ઈન એઈડ અને સરકારી શાળાનાં શિક્ષકોને ચૂંટણીની કામગીરીમાં જોડાવવા માટે ફરમાન જાહેર કરી દેવામાં આવ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જાહેર તથા જિલ્લાની તમામ શાળામાં કામ કરતાં શૈક્ષણિક તથા બીન શૈક્ષણિક સ્ટાફની વિગતો જિલ્લા શિક્ષાધિકારીની કચેરીમાં જમા કરાવવા માટે સુચના આપવામાં આવી છે. એક ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવતા દિવાળી વેકેશન મનાવવાના મુડમાં રહેલા શિક્ષકો અને અન્ય સ્ટાફમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે. જો કે હજી સુધી મોટાભાગની શાળાઓએ પોતાની વિગતો મોકલી નથી.

**જાહેર નિવિદા**

સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે **Rantal Base** થી કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેની શરતો સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગની વેબસાઈટ **http://www.planning.gujarat.gov.in** ઉપર દર્શાવ્યા મુજબ છે. તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

૨. આ અંગેના ભાવ પત્રકો તા. ૧૮/૧૧/૨૦૧૫ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૨૦/૧૧/૨૦૧૫ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.

**એન. ટી. ભટાણા**
સેક્શન અધિકારી / ચ-૨ શાખા
સામાન્ય વહીવટ વિભાગ/આયોજન પ્રભાગ
બ્રોક નં. ૭, ૪થો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.

માહિતી/૧૮૫૦/૨૦૧૫-૧૬

## ભાજપની પરાજય બાદ કોંગી અને પાટીદારો દ્વારા ઉજવણી

### ઘણી જગ્યાએ ભાજપના નેતાઓને મત માંગવા ન આવવા સૂચના આપવામાં આવી : ભાજપને લઇ પાટીદારો નાખુશ

અમદાવાદ,તા. ૮

બિહારમાં મહાગઠબંધનને પ્રચંડ બહુમતિ મળ્યા બાદ અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં માત્ર કોંગ્રેસના કાર્યકરોએ જ નહીં બલ્કે પાટીદાર સમુદાયના એસપીજી દ્વારા ફટાકડા ફોડવાના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત અમદાવાદ, મોઢેરા અને રાજકોટમાં પાટીદારો દ્વારા ફટાકડા ફોડવાના કાર્યક્રમ થયા હતા. તો સોશ્યલ



લોકોએ પણ ઉજવણી કરી હતી. અમદાવાદના અસલાલી વિસ્તારમાં પાટીદારોએ ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી. પહેલાથી જ ફટાકડા ફોડવાની જાહેરાત કરવામાં આવી હતી. બીજી બાજુ કોંગ્રેસની કચેરીઓ પણ ફટાકડો ફોડીને ઉજવણી કરવામાં આવી હતી. પાટીદાર સમુદાયના લોકો ભાજપથી ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. અમદાવાદનાં અસલાલીમાં પાટીદારોએ ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી. તો આ તરફ પાટીદાર અનામત આંદોલન સમિત અને મીડિયા પાટીદારોનું નવું સ્લોગન બિહાર મેં અબકી બાર પાટીદાર સરકાર ફરતું થઈ ગયું હતું. બિહારમાં ભાજપની હાર અંગે મત વ્યક્ત કરતા પાટીદાર અનામત આંદોલ સમિતિના કન્વીનર વરુણ પટેલ કહ્યું હતું કે, અંગ્રેજો કરતા પણ વધારે દમન ગુજારનારી ભાજપ ક્યાંય પણ હારે અમારી જીત છે અને દેશ હિતમાં જીતનારી પાર્ટી કોઈપણ હોય, પરંતુ હારવાવાળી પાર્ટી ભાજપ હોય તો હમારે માટે જશ જ હશે.

**યોગીકૃપા ખાદી ગ્રામોધોગ વિકાસ સંઘ, મોડાસા સંચાલિત**

**યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર**

| | |
|---|---|
| ગુજરાત સુતરાઉ ખાદી - ૨૫% વળતર | યોગીકૃપા ખાદી ભંડાર - મોડાસા |
| ગુજરાત પોલીવસ્ત્ર ખાદી - ૨૫% વળતર | યોગીકૃપા ખાદી ભંડાર - ભીલોડા |
| ગરમ ખાદી - ૨૦% વળતર | અંબિકા ખાદી ભવન - અંબાજી |
| રેશમ ખાદી - ૨૦% વળતર | યોગીકૃપા ખાદી ભંડાર - મેઘરજ |

અમારે ત્યાં સુતરાઉ, પોલી, ગરમ અને રેશમ ખાદી તેમજ આસન, શેત્રંજી, બેડશીટ, આસનપટ્ટા, લેંઘા, ઝભ્ભા, શર્ટ વિગેરે અવનવી ડિઝાઈનમાં મળશે. ઓફીસ, હોસ્ટેલ, ઘર ઉપયોગી ફર્નિચર મળશે.

**અમારી સંસ્થા સરકારના નિયમ મુજબ વિના ટેન્ડર માન્ય છે.**

સમય : ૧૦ થી ૭ સાંજના
સ્થળ : ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સ્કાયવ્યુ શોપીંગ સેન્ટર, ગાંધીનગર

ધર્મેન્દ્ર યોગી — મંત્રી
ઉષાબેન કે. ત્રિવેદી — પ્રમુખ
જસવંત સી. યોગી — વ્યવસ્થાપક

ફોન : 079-23224370 (C), 02774-244355 (HO)